| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | 28/07/2016 | | |
| રજી. નોંધ્યા તા. | 28/07/2016 | | |
| ફેંસલ કર્યા તારીખ | 03/ 04/2026 | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | 00 | 00 | 00 |

## મોડાસા ના મહેરબાન. પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ મુકામ–:મોડાસા.

**ફો. કેસ નં. 93/ 2016**
**આંક:–**

શ્રી સરકાર :::::::::: :::::::::: **ફરીયાદી.**

**વિરુધ્ધ**

કા.સં.આ.બાળક ........ મગન(જુવેનાઈલની ઓલખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)
:::::::::: **કાયદાના સંઘર્ષમા આવનાર બાળક.**

**ગુન્હો :: ઈ.પી.કો. કલમ: ૩૨૩, ૫૦૪,૫૦૬(૨) ,114 તથા જી.પી.એકટલકમ.૧૩૫ , મુજબ**

| | |
|---|---|
| શ્રી સરકાર તરફે | : વિ.એ.પી.પી.શ્રી.એસ.આર.પટેલ |
| કાયદાના સંઘર્ષમા આવનાર બાળક તરફે | : વિ. વ. શ્રી યુ.જી.ભાટી |

## –:: ચૂકાદો ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે,આ કામના કાયદના સંઘર્ષમા આવેલ સગીર ગઈ તા.૫/૭/૧૫ ના કલાક.૧૫/૦૦ છાગે વસુણા ગામની સીમમા બીજા સહઆરોપીઓ સાથી મળી ફરીયાદીના પતિ કાંતીભાઈ કોયાભાઈ અસારીને ટ્રેકટર ભાડે લઈ ખેતર ખેડવા કેકમ આવેલ છે તેમ કહી મા બેન સમી બીભસ્ત ગાળો બોલી તેમજ કોલમ નં.૧ મા જણાવેલ સગીરે સાહેદને માબેન સામી ગાળો બોલી તથા ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી બીજા આરોપીઓ સાથે રહી મદદગારી કરી મે.જીલ્લા મેજી.સાહ શ્રી નાઓના જાહેરનમાનો ભંગ કરી ઈ.પી.કો.૩૨૩,૫૦૪,૫૦૬(૨),114 તથા જી.પી.એકટલકમ.૧૩૫ , મુજબનો ગુનો

કરેલ હોય ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમા ઈન્સાફી કાર્યવાહી થવા સારૂં સદર કરવામાં આવેલ.

(૨) આ કામના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક ઉપર અત્રેની અદાલત તરફથી સમન્સ કરવામાં આવતા બોર્ડ સમક્ષ ઉપસ્થિત રહેતા તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી. તહોમતનામુ આંક:૬ તથા તેમજ આ કામે આંક–૦ 7 થી કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્લી રેકર્ડ કરતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક ગુનાનો ઈનકાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામા આવેલ.

(૩) ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

## મૌખિક પુરાવો

| ક્રમ નં | આંક | વિગત | સાહેદોના નામ. |
|---|---|---|---|
| ૧ | 16 | ફરીયાદી | લીલાબેન વા/ઓફ કાંતીભાઈ કોયાભાઈ અસારી જુબાની |
| ૨ | 18 | પંચ સાહેદ | અનિલભાઈ સબુરભાઈ અસારી જુબાની |
| ૩ | ૨૦ | પંચ સાહેદ | ચંદુભાઈ શબાભાઈ અસારી જુબાની |
| ૪ | ૨૧ | સાહેદ | ડૉ.સ્વેતલાના કલેમેટ એહારી જુબાની |
| ૫ | ૨૫ | સાહેદ | રમણભાઈ કાનજીભાઈ અસારી જુબાની |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ નં | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | 17 | ફરીયાદની ખરી નકલ |
| ૨ | ૧૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૨૨ | મેડીકલ સર્ટી |
| ૪ | ૨૬ | સ્કુલ સર્ટી પ્રમાણપત્ર |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો જોતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્રથમ દર્શનીય કોઈ પુરાવો જણાઈ નહિ આવતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩

મુજબ નિવેદન લેવામાં આવેલ હોય ત્યારબાદ કોઈ પુખ્ત પુરાવો ન હોવાથી અને ફરિયાદ પક્ષ તરફે સાહેદ તપાસેલા હોવાથી સાદર કામને જજમેન્ટ પર લેવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.આર.પટેલતેમજ કા.સ.આ. બાળક તર્ફે તેમના વિ. વકીલ શ્રી યુ.જી.ભાટી દ્વારા દલીલ કરવામાં આવે છે.

**(૫)** પક્ષકારો તર્ફે થયેલ રજૂઆત ધ્યાને લેતા કેસના ન્યાયિક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>-::મુદ્દા::-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના ફરિયાદી, કાયદના સંઘર્ષમા આવેલ સગીર ગઈ તા.૫/૭/૧૫ ના કલાક.૧૫/૦૦ છાગે વસુણા ગામની સીમમા બીજા સહઆરોપીઓ સાથી મળી ફરીયાદીના પતિ કાંતીભાઈ કોયાભાઈ અસારીને ટ્રેકટર ભાડે લઈ ખેતર ખેડવા કેકમ આવેલ છે તેમ કહી મા બેન સમી બીભસ્ત ગાળો બોલી તેમજ કોલમ નં.૧ મા જણાવેલ સગીરે સાહેદને માબેન સામી ગાળો બોલી તથા ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી બીજા આરોપીઓ સાથે રહી મદદગારી કરી મે.જીલ્લા મેજી.સાહ શ્રી નાઓના જાહેરનમાનો ભંગ કરી ઈ.પી.કો.૩૨૩,૫૦૪,૫૦૬(૨),114 તથા જી.પી.એકટલકમ.૧૩૫ , મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શુ હુકમ ?

**(૬)** મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ અનુસાર.

**(૭)** મારા ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>-:: કારણો ::-</u>**

**(૮)** **<u>મુદ્દા નં. ૧ :</u>**

**(૮.૧)** ફરીયાદપક્ષે ફરીયાદી લીલાબેન વા/ઓફ કાંતીભાઈ કોયાભાઈ અસારી નાઓને આંક: 16 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, આજથી આશરે ૧૨

માસ અગાઉ મારા પતિ કાંતીભાઈ કોયાભાઈ અસારીનુ મરણ થયેલ મારા પતિ ટેકટરનુ હોય ખેતીના કામ ટેકટરને ભાડામા ફરેવતા હતા આશરે દસ એક અગાઉ ચોકકસ તારીખે મને યાદ નથી હુ મારા ઘરે હતી મારા પતિ ટેકટરનુ લઈને વલુણા ગામે આવેલા નારણભાઈ ખરાડીના ખેતરમા જમીન ખેડવા ગયેલા જમીન નજીક આવેલા બપોરના ત્રણ વાગે ગામના મણાભાઈ માધાભાઈ અસારી કળાભાઈ માધાભાઈ અસારી માધાભાઈ અસારી તથા મુકેશભાઈ અરજણભાઈ અસારીનાઓ મારા પતિના ટેકટર નજીક આવેલા મારા પતિને લાકડીઓથી માર મારેલ જેથી હુ દોડતી મારા ઘરેથી ખેતરમા ગયેલ અને મારા પતિને ઈજાઓ થયેલ મેઘરજમા સરકારી દવાખાને લઈ જઈ સારવાર કરાવેલ મેઘરજ પો.સ્ટ. બનાવ બાતે ફરીયાદ આપેલ ફરીયાદની ખરી નકલ બતવવામા આવે છે જેમા મારા જમણા હાથ ના અગુઠાનુ નિશાન છે ફરીયાદ રજુ દાખલ આંક:૧૭ આપવામા આવે છે કા.સકીન. હુ ખોળઅુ છુ જેઓ આજરોજ આજરોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે . તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે કોણે કોને માર્યુ તે મે જોયેલ નથી બનાવ કઈ જગ્યાએ બનેલ તેની મને ખબર નથી એ વાત ખરી નથી કે પોલીસે ફરીયાદ લખી લીધેલ ચારે ઈસમો મારા પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા મે એ વાત ખરી નથી કે સગોદ પર ખોટી જુબાની આપુ છુ.

(૮.૨) ફરીયાદપક્ષે સાહેદ ર્ડા.સ્વેતલાના કલેમેટ એહારી નાઓને આંક: 21 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, હુ ૧૪ વર્ષથી મેઘરજ સી.એચ.સી. મુકામે મેડીકલ ઓફીસરે તરીકે ફરજ બજાવુ છુ તા.૫/૭/૧૫ ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતી મેઘરજ તાલુકાના વલોણા ગામાના કાતીભાઈ કોયાભાઈ અસારીનાઓ બપોરના ૩ વાગે લાકડી અને પથ્થરથી તેમના ખેતરમા હુમલો કરવામા આવેલ શારીરિક તપાસણી કરતા નીચે મુજબની ઈજાઓ જણાવી આવેલ માથાના ભાગે ડાબી બાનજુ આડો સળગ ઉભો ૧૦,૧૦ સેમીનો ઘા હતો ડાબા હાથના કોણીના ભાગે ખાડો ૨૦,૨૦ સેમી જેટલો કાળા કલરનો ચકામો હતો જમણા પગના હાથના ભાગે ખાડો ૨૦,૨૦ સે.મી. જેટલો લાલ કલરનો ચકામો હતો જમણા પગના સાથળના આગળના ભાગે ઉભો ૩૦,૧૦ સેમી. જેટલો લાલ કલરનો ચકામો હતો ડાબા પગના વચ્ચેના આગળના ભાગે ૨૦,૨૦ સેમી જેટલો સોજો હતો જમણી બાજુ પેટના પાછળના ભાગે ૧૦,૧૦ સેમી જેટલો ઉભો લાલ કલરનો ચકામો હતો જમણા પગના ઘુટના

ભાગે ૫,૫ સેમી જેટલો ઉજરડો હતો ઈજાઓ તાજી અને સાદી હતી બોથડ પદાર્થથી ૭ થી ૮ દિવસમા રીકવર થઈ શકે તેવી હતી ઓથોપેડીકલ ડોકટના ઓપિનીયમ સારુ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે રીફર કરેલ એમ.એલ.સી.સર્ટીફીકેટ તૈયાર કરેલ સર્ટીફીકેટની નકલ બતાવવામા આવે છે જેમા મારા હોદાનો સીકકો તેમજ મારી સહી છે જેને રજુ દા આંક:૨૨ આપવામા આવે છે. તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે સર્ટીફીકેટ હિસ્ટી પોલીસ યાદી માથી લખી લીધેલી એ વાત ખરી છે કે મારી સરતપાસમા જનાવેલી ઈજાઓ ધારદાર પથ્થર ઉપર પડવાથી થઈ શકે એ વાત ખરી છેકે ઈજાઓમા દર્દીને ફેકચર થયેલ છે ઓથોપેડીક ર્ડા. જણાવી શકે દર્દીને થયેલ સાત થી આઠ દિવસમા રીકવર થાય તે હકીકત હુ ખોટી જણાવુ છુ દર્દીની સારવાર કે તપાસણી સિવાય ખોટુ સર્ટીફીકેટ આપેલ છે .

(૮.૨) ફરીયાદપક્ષે સાહેદ રમણભાઈ કાનજીભાઈ અસારી નાઓને આંક: 25 થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, ૨૦૧૫મા મેઘરજ પો.સ્ટ.એ.હો.કો. તરીકે ફરજ બજાવતહ હતા દરમ્યાન મેઘરજ તાલુકાના વલુણા ગામના લીલાબેન કાંતીભાઈ અસારી નાઓએ કા.સ.કી. વિગેરેનાઓ પર ફરીયાદ આપેલી ગુ.ર..નં.૩૧૨૭/૧૫ થી ઈ.પી.કો.કલમ.૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪,તથા જી.પી.એકટ. કલમ:૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર થઈ ગુનાવાળી જગ્યાએ જઈ મુજબનુ મારી રૂબરૂમા લખી લીધેલ આંક.૧૯ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે તેમજ ઈજા પારનામર સાહેદ કાંતીભાઈ કોયાભાઈ અસારી નાઓનુ એમ.એલ.સી. સટીફીકેટ સી.એચ.સી. અનુક્રમે આંક:૨ ૨ થી અને ૨૪ થી રજુ છે કા.સ.કી.ને નજર કેદ કરી નામદાર બોર્ડ સમક્ષ રજુ કરેલ કા.સ.કી.વિરુધ્ધ પુરાતા પુરાવાઓ જણાઈ આવતા કા.સ.કીને જોયેથી ઓળખી શકુ જેઓ આજરોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે કા.સ.કીના ફરીયાદી અને સાહેદો અનેકજ કુટુબના છે તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી સાહેદોના નિવેદનો જાતે ફરીયાદને અનુરૂપ નોધી લીધેલા પંચનામા પંચોના રૂબરૂ કરેલ નથી એ વાત ખરી નથી કે કા.સ.કી. વિરુધ્ધ પુરતો પુવાઓ ન હોવાીતા ખોટુ ચાર્જશીટ કરેલ સોગદ પર ખોટી જુબાની આપુ છુ.

-

(ખ) **<u>ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.</u>**

૧) આરોપીએ શારિરીક પીડા, રોગ અથવા અશક્તિ નીપજાવેલ છે.

૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવના ઈરાદે અથવા વ્યથા કરવાનું સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેસ્છાપૂર્વક કર્યુ હતુ.

(ગ) **<u>ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૧૪ :– ગુન્હો આચરવામાં આવે, ત્યારે મદદગારની હાજરી :– આ કલમના તત્વો નીચે મુજબ છે.</u>**

૧) મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે, જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે, ગુન્હો બન્યો હોવો જોઈએ,

૨) તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ,

૩) ગુન્હો બને ત્યારે મદદગારી હાજરી ત્યાં હોવી જોઈએ,

૪) અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

૫) ગુન્હો બનાતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ

.

(ઘ) **<u>તેવી જ રીતે ઈ.પી.કો.કલમ–૫૦૪ નો ગુનો બનવા માટે નીચે મુજબના ત્રણ ઘટકો પુરવાર થવા જરૂરી છે.</u>**

૧) આરોપીએ ભોગ બનનારનું ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોવું જોઈએ.

૨) આરોપીએ કરેલ ભોગ બનનારનો આવો અનાદર ભોગ બનનારને ઉશ્કેરે તેવા પ્રકારનો હોવો જોઈએ.

૩) આરોપીએ આપેલ આવો ઉશ્કેરાટ ભોગ બનનાર સુલેહશાંતિનો ભંગ કરશે અગર તો અન્ય કોઈ ગુનો કરશે તેવા ઈરાદા અને ગ્નાન સાથે કરેલ હોવા જોઈએ.

ઉપ્રરોક્ત ત્રણેય તત્વોમાંથી એક પણ તત્વો ગેરહાજર હોય તો કલમ–૫૦૪ અનુસારનો ગુનો આરોપીએ કરેલ છે તેમ કહી શકાય નહી. નામદાર સર્વોચ્ચ અદાલતે Jodh Singh

Vs. State of UP [ 1991 CrL 3226 ] ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ઈ.પી.કો. કલમ–૫૦૪ નો ગુનો પુરવાર થવા માટે ત્રણ આવશ્યકતાઓ જરૂરી જણાવેલ છે, (પ્રથમ) આરોપી ભોગ બનનારનું અપમાન કરે, (બીજું) આ અપમાન એવા પ્રકારનું હોય કે જેથી ભોગ બનનાર ઉશ્કેરાય, (ત્રીજું) આવું અપમાન આરોપી દ્વારા એવા ઈરાદાથી કરવામાં આવેલ હોય કે જેથી ભોગ બનનાર સુલેહશાંતિનો ભંગ કરે અથવા તો કોઈ ગુનો કરવા પ્રેરાય. આ ત્રણેય તત્વો સાબિત થાય તો ઈ.પી.કો.કલમ–૫૦૪ મુજબનો ગુનો બનેલ છે તેવું ગણાય તેમ નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે.

(ચ) **<u>ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬ મુજબનો ગુનો બનવા માટે નીચે મુજબના બે ઘટકો પુરવાર થવા જરૂરી છે.</u>**

૧) આરોપીએ ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુન બધ્ધ ન હોય તેવું કરવા માટે અથવા જે કાનુનબધ્ધ હોય તે ન કરવા માટેનો ઈરાદો ધરાવતા હોય

૨) તેવા ઈરાદાથી ફરિયાદીને ધમકી આપી હોય અથવા મહાવ્યથા પહોંચાડવાની કે મ્રુત્યુ નિપજાવવાની કે કોઇ મિલ્કતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષની સજાને પાત્ર ગુનો કરવા અંગે અથવા સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાના આક્ષેપની એટલે કે ગુનાહિત ધમકી આપી હોય.

આમ, ઉપરોકત વ્યાખ્યાને ધ્યાને લેતાં આરોપીએ આપેલ ધમકી ગુનાહીત માનસ રાખીને આપવામાં આવેલી તે ફરીયાદ પક્ષે સાબિત કરવું અનિવાર્ય બને છે કારણ કે, આવી ગુનાહીત ધમકી આપવા માટે આરોપીનું ચોક્કસ ગુનાહીત માનસ હોવુ જોઇએ.આ ઉપરાંત, આવી ગુનાહીત ધમકીની અસર પણ ભોગ બનનારને થયેલ હોવાનુ ફરીયાદ પક્ષે સાબિત કરવાનું રહે છે. જો આરોપી દ્વારા આપવામાં આવેલ ગુનાહીત ધમકીના પરીણામે ભોગ બનનારના મનમાં કોઇ પ્રકારે ભય ઉત્પન્ન થયેલ ન હોય અગર તો આરોપી તેવો ગુનો કરશે તે અંગે કોઇ શક્યતા ન હોય તો તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ:૫૦૬(૨) અનુસારનો ગુનો બને તેમ માની શકાય નહી.

આ કામે કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકો વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ : ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),114 તથા જી.પી.એકટલકમ.૧૩૫ , આજથી આશરે ૧૨ માસ અગાઉ મારા પતિ કાંતીભાઈ કોયાભાઈ અસારીનુ મરણ થયેલ માર । પતિ ખેતીના કામ ટ્રેકટરને ભાડામા ફેરવતા હતા આશરે દસ એક અગાઉ ચોકકસ તારીખે મને યાદ નથી હુ મારા

ઘરે હતી મારા પતિ ટેકટરનુ લઈને વલુણા ગામે આવેલા નારણભાઈ ખરાડીના ખેતરમા જમીન ખેડવા ગયેલા જમીન નજીક આવેલા બપોરના ત્રણ વાગે ગામના મણાભાઈ માઘાભાઈ અસારી કળાભાઈ માઘાભાઈ અસારી માઘાભાઈ અસારી તથા મુકેશભાઈ અરજણભાઈ અસારીનાઓ મારા પતિના ટેકટર નજીક આવેલા મારા પતિને લાકડીઓથી માર મારેલ જેથી હુ દોડતી મારા ઘરેથી ખેતરમા ગયેલ અને મારા પતિને ઈજાઓ થયેલ મેઘરજમા સરકારી દવાખાને લઈ જઈ સારવાર કરાવેલ મેઘરજ પો.સ્ટ. બનાવ બાતે ફરીયાદ આપેલ ફરીયાદની ખરી નકલ બતવવામા આવે છે જેમા મારા જમણા હાથ ના અગુઠાનુ નિશાન છે ફરીયાદ રજુ દાખલ આંક:૧૭ આપવામા આવે છે કા.સકીન. હુ ખોળઅુ છુ જેઓ આજરોજ આજરોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે . તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે કોણે કોને માર્યુ તે મે જોયેલ નથી બનાવ કઈ જગ્યાએ બનેલ તેની મને ખબર નથી એ વાત ખરી નથી કે પોલીસે ફરીયાદ લખી લીધેલ ચારે ઈસમો મારા પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા મે એ વાત ખરી નથી કે સગોદ પર ખોટી જુબાની આપુ છુ. તેવી જ રીતે આંક: 21 થી સાહેદની જુબાની જોતાં બનાવ પક્ષે સાહેદ હુ ૧૪ વર્ષથી મેઘરજ સી.એચ.સી. મુકામે મેડીકલ ઓફીસરે તરીકે ફરજ બજાવુ છુ તા.૫/૭/૧૫ ના રોજ હુ મ ારી ફરજ ઉપર હાજર હતી મેઘરજ તાલુકાના વલોણા ગામાના કાતીભાઈ કોયાભાઈ અસારીનાઓ બપોરના ૩ વાગે લાકડી અને પથ્થરથી તેમના ખેતરમા હુમલો કરવામા આવેલ શારીરિક તપાસણી કરતા નીચે મુજબની ઈજાઓ જણાવી આવેલ માથાના ભાગે ડાબી બાનજુ આડો સળગ ઉભો ૧૦,૧૦ સેમીનો ઘા હતો ડાબા હાથના કોણીના ભાગે ખાડો ૨૦,૨૦ સેમી જેટલો કાળા કલરનો ચકામો હતો જમણા પગના હાથના ભાગે ખાડો ૨૦,૨૦ સે.મી. જેટલો લાલ કલરનો ચકામો હતો જમણા પગના સાથળના આગળના ભાગે ઉભો ૩૦,૧૦ સેમી. જેટલો લાલ કલરનો ચકામો હતો ડાબા પગના વચ્ચેના આગળના ભાગે ૨૦,૨૦ સેમી જેટલો સોજો હતો જમણી બાજુ પેટના પાછળના ભાગે ૧૦,૧૦ સેમી જેટલો ઉભો લાલ કલરનો ચકામો હતો જમણા પગના ઘુટના ભાગે ૫,૫ સેમી જેટલો ઉજરડો હતો ઈજાઓ તાજી અને સાદી હતી બોથડ પદાર્થથી ૭ થી ૮ દિવસમા રીકવર થઈ શકે તેવી હતી ઓથોપેડીકલ ડોકટના ઓપિનીયમ સારુ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે રીફર

કરેલ એમ.એલ.સી.સર્ટીફીકેટ તૈયાર કરેલ સર્ટીફીકેટની નકલ બતાવવામા આવે છે જેમા મારા હોદાનો સીકકો તેમજ મારી સહી છે જેને રજુ દા આંક:૨૨ આપવામા આવે છે . તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે સર્ટીફીકેટ હિસ્ટી પોલીસ યાદી માથી લખી લીધેલી એ વાત ખરી છે કે મારી સરતપાસમા જનાવેલી ઈજાઓ ધારદાર પથ્થર ઉપર પડવાથી થઈ શકે એ વાત ખરી છેકે ઈજાઓમા દર્દીને ફ્રેકચર થયેલ છે ઓર્થોપેડીક ર્ડા. જણાવી શકે દર્દીને થયેલ સાત થી આઠ દિવસમા રીકવર થાય તે હકીકત હુ ખોટી જણાવુ છુ દર્દીની સારવાર કે તપાસણી સિવાય ખોટુ સર્ટીફીકેટ આપેલ છે . તેવી જ રીતે આંક: 25 થી તે હકીકત ૨૦૧૫મા મેઘરજ પો.સ્ટ.એ.હો.કો. તરીકે ફરજ બજાવતહ હતા દરમ્યાન મેઘરજ તાલુકાના વલુણા ગામના લીલાબેન કાંતીભાઈ અસારી નાઓએ કા.સ.કી. વિગેરેનાઓ પર ફરીયાદ આપેલી ગુ.ર..નં.૩૧૨૭/૧૫ થી ઈ.પી.કો.કલમ.૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪,તથા જી.પી.એકટ. કલમ:૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર થઈ ગુનાવાળી જગ્યાએ જઈ મુજબનુ મારી રૂબરૂમા લખી લીધેલ આંક.૧૯ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે તેમજ ઈજા પારનામર સાહેદ કાંતીભાઈ કોયાભાઈ અસારી નાઓનુ એમ.એલ.સી. સટીફીકેટ સી.એચ.સી. અનુક્રમે આંક:૨ ૨ થી અને ૨૪ થી રજુ છે કા.સ.કી.ને નજર કેદ કરી નામદાર બોર્ડ સમક્ષ રજુ કરેલ કા.સ.કી. વિરુધ્ધ પુરાતા પુરાવાઓ જણાળ આવતા કા.સ.કીને જોયેથી ઓળખી શકુ જેઓ આજરોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે તેઓએ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે કા.સ.કીના ફરીયાદી અને સાહેદો અનેકજ કુટુબના છે તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી સાહેદોના નિવેદનો જાતે ફરીયાદને અનુરૂપ નોધી લીધેલા પંચનામા પંચોના રૂબરૂ કરેલ નથી એ વાત ખરી નથી કે કા.સ.કી. વિરુધ્ધ પુરતો પુવાઓ ન હોવાીતા ખોટુ ચાર્જશીટ કરેલ સોગદ પર ખોટી જુબાની આપુ છુ. ત્યારબાદ આંક:19 બનાવવાળી જગ્યાના કબજે કર્યા અંગેના સાહેદ તથા આંક: 21,25 થી તપાસેલ સાહેદો ફરી ગયેલ હોય ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આંક: 16 થી ફરીયાદીની ને તપાસવામા આવેલ જેઓની જુબાની જોતાં ફરીયાદીને જમીન ખેડવા ટ્રેકટર લઈને વલુણા ગામે આવેલ નરાણભાઈ ખેતરામ જમની ખેડવા સારૂ ગયેલા મારા પતિને ટ્રેકટર નજીક આવેલા અને ચારે ઈસમોએ મારા પતિને ઈજાઓ થયેલ તે બાબતે સામાન્ય બોલચાલી કરેલી તે હકીકત શંકાસ્પદ જણાઈ આવે છે. વધુમા સદર સાહેદ ઉલટતપાસમા બનાવ અંગે જાત માહીતી ન હોવાનું સ્વીકાર કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીશ્રીને તપાસવામા આવેલ

જેઓ પોતાની કામગીરી મુજબની જુબાની આપેલ. તેમજ આ કામે રજુ આંક:22, થી મેડીકલ સર્ટી, આંક:ર૬,સ્કુલ સર્ટી પ્રમાણપત્ર રજુ કરેલ પરંતુ સદરહુ દસ્તાવેજો જોતા કા.સ.બા.એ સમાન્ય બોલાચાલી થયેલી ફરીયાદી કે ઈજા પામનારોને માર મારેલ હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવતું નથી. આ કામે ફરિયાદ પક્ષે રજુ રાખેલ તમામ મોખિક અને દસ્તાવેજી પુરાવો ટૂંકમાં જોવામાં આવે તો આ કામના બનાવવાળી જગ્યાના પંચો તેમજ કાસબા અટક પંચો ફરી ગયેલ જાહેર કરેલ હોય પંચનામાઓ પુરવાર થતા નથી. જેથી પંચનામાને આધારે કાસબાને તકસીરવાર ઠરાવી શકાય નહિ. આ કામના તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાની જોતા બનાવ અંગેની ફરિયાદ તથા તે બાબતે તપાસ કરી ચાર્જશીટ કરાવ્યાનું જણાવેલ તેમજ પંચનામાઓ કરાવ્યાનું જણાવેલ. પણ જયારે નજરે જોનાર સાહેદ ઈજા પામનાર સાહેદ બનાવી હકીકતોને સમર્થન નો કરતા હોય ત્યારે માત્ર તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાનીના આધારે કાસબાને ગુના સાથે સાંકળી સકાય નહિ અને ફરિયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર માની શકાય નહિ. આવી રીતે, કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ :૩ર૩,પ૦૪,પ૦૬(ર),114 તથા જી.પી.એકટલકમ.૧૩પ, નો આક્ષેપ છે.પરંતુ સદર કલમોના આવશ્યક તત્વો ફરિયાદ તરફે તપાસવામાં આવેલ તમામ સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓથી સમર્થનકારી તથા વિશ્વસનીય પુરાવાઓથી પુરવાર થતા નહિ. જેથી ઈ.પી.કો. કલમ:૩ર૩,પ૦૪,પ૦૬(ર),114 તથા જી.પી.એકટલકમ.૧૩પ , ના તત્વો નિ:શંકપણે પુરવાર સાબીત માની શકાય નહી. આમ, ફરીયાદ પક્ષ તરફે તપાસમાં આવેલ તમામ સાહેદોની જુબાની જોતા તથા આ કામે રજૂ થયેલ દસ્તાવેજોને ઘ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાની ફરીયાદની હકીકતને નિ:શંકપણે સાબિત કરવામાં સફળ થયેલ નથી અને કલમ–૩ર૩,પ૦૪,પ૦૬(ર),114 તથા જી.પી.એકટલકમ.૧૩પ ,મુજબના કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવામાં આવે છે. આમ, સમગ્ર પુરાવો ઘ્યાને લેતા તેમજ રજૂ પુરાવાનું મુલ્યાંકન તથા કાયદાકીય જોગવાઈઓ અને પક્ષકારોની રજૂઆત ઘ્યાને લેતા આ કામના જુવેનાઈલ સામે ઈન્કવાયરીની તપાસ માંડવામાં આવેલ તે તપાસ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ ન હોવાનું અત્રેની અદાલતનું માનવું છે. જેથી ન્યાયના વિશાળ હીતમાં મુદ્દા નં. ર લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના કા.સં.આ.બાળક....... મગન (જુવેનાઈલની ઓળખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)ને ઈ.પી.કો. કલમ: ૩ર૩,પ૦૪,પ૦૬(ર),114 તથા જી.પી.એકટલકમ.૧૩પ , મુજબના ગુન્હાના કામે ક્રિ.પ્રો.કોડ ની કલમ–ર૪૮(૧)ની જોગવાઈઓ અનુસાર નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** જુવેનાઇલ તરફે કરી આપેલ જાત મુચરકા અને જામીનાએ કરી આપેલ જામીન ખત રદ કરવામાં આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહે તે રીતે છ માસ માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ અન્વયે જાત મુચરકા અને જામીન ખત ચાલુ રાખવામાં આવે છે.

**(૩)** સદર કામે રજુ મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.03, માહે: એપ્રિલ, સને.: 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહર કર્યો.

મોડાસા .
તા.03-04-2026

(એસ.આર.શર્મા)
પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ,
જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,
મોડાસા .
**No.GJ**-01571

D.R.PATEL P.A